# હોમ મેકર નહીં, નેશન બિલ્ડર: કોર્ટનો નિર્દેશ



**મનકા સિતાર**

**કેશુભાઇ દેસાઇ**

ક્યારેક અદાલત પર પણ આફરીન થઈ જવાય એવી ઘટનાઓ બને છે. એ બેરોજગાર છોકરડાં માટે અણગમતા સૂગ આવી જાય એવાં વિધાન કરે છે ત્યારે કમકમાં પણ આવી જાય છે પણ પછી બીજી કોઈ દિશામાં એવું એકાદ સુભાષિત જેવું કાલજયી કથન ઉચ્ચારાતું સંભળાય છે અને સરવાળે ન્યાયતંત્ર કેટલું સંવેદનશીલ છે એની પ્રતીતિ થઈ જાય છે.

ન્યાયનો વિરુદ્ધાર્થી શબ્દ છે અન્યાય. જાણ્યે અજાણ્યે આપણે કોઈ વ્યક્તિ, સમુદાય, જાતિ કે સંસ્થાને અન્યાય કરતા રહીએ છીએ. અન્યાયનો બદલો કોર્ટમાં જઈને ન્યાય સ્વરૂપે મેળવવાની પરંપરા રહી છે. કદાચ નીચલી કોર્ટમાં ન્યાય ના મળે તો ઉપલી અદાલતમાં ધા નાખી શકાય છે. છેલ્લે દેશની સર્વોચ્ચ અદાલતના દરવાજા ખખડાવી શકાય છે. અદાલત સમક્ષ રાવ નાખ્યા છતાં ન્યાય ન મળે તો છેલ્લે હારીથાકીને આપણે બધું કુદરત પર છોડીએ છીએ. અહીં નહીં મળે તો ઉપરવાળો તો ન્યાય કરશે! જ એવી અતૂટ શ્રદ્ધા અને આશ્વાસન આપણને ધર્મગ્રંથો અને ધર્મગુરુઓ પાસેથી સાંપડતાં રહ્યાં છે. આપણે એ વણજોયા ઉપરવાળા પર કોઈ પણ ન્યાયાધીશ કરતાં વધુ ભરોસો રાખીને જીવીએ છીએ અને એક રીતે એ ઘણું સારું પણ છે. આપણો ગરીબીમાં સબડતો પાડોશી પણ એક મુદ્દે આશ્વસ્ત હોય છે: ક્યારેક તો ઉપરવાળો પોતાની સામે જોશે. પૂર્વજન્મનાં કર્મોનો હિસાબ પૂરો થશે ત્યારે મારા જીવનમાં પણ સોનાનો સૂરજ ઊગશે, ભલેને અત્યારે કાળા ડિબાંગ અંધકારના ઓળા ઊતર્યા હોય. ગ્રહણ તો સૂર્ય અને ચંદ્રને પણ ક્યાં નથી લાગતું? એ કાયમી થોડું હોય છે!

આવી આશાવાદી જીવનશૈલી એ ધર્મનું જ પ્રદાન છે. અન્યાય થયો છે એ સાચું પણ એક દિવસ ન્યાય પણ મળીને જ રહેશે એવી આસ્થા સાથે જીવનની વસમી વાસ્તવિકતા જીરવી એ દુખિયારા જીવો એક દિવસ ચુપચાપ એમના ઈશ્વરની અદાલતમાં પહોંચી જાય છે. કદાચ દયાળુ દેવ બીજા અવતારમાં એમને સમૃદ્ધ પરિવારમાં પુનર્જન્મ આપી વ્યાજ સાથે સાટું વાળી દેશે એવા ઊંડા અહેસાસ સાથે.

પરંતુ આ તો બધી મન મનાવવાની વાતો. બીજો અવતાર માનવયોનિમાં જ મળશે એની ખાતરી છે? માણસને એના આ અવતારમાં જ ન્યાય મેળવવાનો અધિકાર હોવો જોઈએ અને ન્યાય માટે જ તો આપણે અદાલતો બનાવી છે. બીજા અવતાર સુધી રાહ શું કામ જોવી? વળી સનાતન ધર્મ સાથે સંકળાયેલા સંપ્રદાયો સિવાય દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ધર્મોમાં તો પુનર્જન્મની કલ્પના પણ નથી. બલકે પુનર્જન્મ એ તો નાના અબુધ બાળકને રડતું છાનું રાખવા અપાતા લોલીપોપ જેવી જ રમણીય થિયરી લાગે છે.

દેહવિક્રય કરી ગુજરાન ચલાવતી મહિલાઓને સમાજના જ લોકો ભોગવે છે અને છતાં વગોવે છે. એમને પણ સમાજમાં પ્રસ્થાપિત જીવન પ્રણાલી મુજબ જીવવું ગમે જ. એમને આ ઘૃણાસ્પદ વ્યવસાય કરવાનો

**માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં નગરશેઠની લગોલગ નગરવધૂનો દરજ્જો શું સૂચક નથી? નગરવધૂનો વૈભવ કોઈ નગરશેઠથી કમ નહોતો અને વારાંગના સમાજજીવનનું અભિન્ન અંગ બની ગઈ હતી**

શોખ ના જ હોય. કોઈ મજબૂરી હશે કાં તો કોઈએ બળજબરીપૂર્વક એમાં ધકેલી દીધી હશે. શરૂ-શરૂમાં આવું કામ અતડું, અળખામણું અને અઘરું લાગ્યું હશે પણ પછી ઘરેડમાં પડી ગયા પછી એમને એ કામ અનુકૂળ આવી ગયું હોય એમ પણ બને. આબિદ સુરતીની એક અદભુત નવલકથા છે: ‘વાસકસજ્જા’. એની નાયિકા દેહવ્યાપારમાં લેશ પણ હીણપત નથી અનુભવતી. એને માટે બીજા કોઈ પણ કામ જેવું જ આ નીતિ સાથે પ્રીતિપૂર્વક આજીવિકા રળવાનું કામ છે. ધોમધખતા તાપમાં મજૂરી કરીને રોજીરોટી કમાવા કરતાં અહીં તો ગ્રાહકોની સાથે હસતા મોઢે સહશયન કરવાનું હોય છે. નાયિકાને એમાં પોતે કંઈ ખોટું કામ કરી રહી છે એવું નથી લાગતું. ઊલટાનું પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરવામાં આનંદ આવે છે. જોકે વાંચકો એમ જ માનતા હોય કે આ તો એક બિંદાસ નવલકથાકારનું મનઘડંત અર્થઘટન છે. પરંતુ જો યુગોથી વિશ્વભરમાં ચાલતી આ પ્રવૃત્તિ નિરંતર નિષેધ અને નિંદાનો સામનો કરવા પછી પણ સતત ઉત્તરોત્તર વધતી જતી હોય તો જરૂર એમાં ભોગ બનેલા નારી સમુદાયની પણ મૂક સંમતિ હોવી જોઈએ એટલું તારણ તો જરૂર નીકળી શકે. માનવસંસ્કૃતિના ઈતિહાસમાં નગરશેઠની લગોલગ નગરવધૂનો દરજ્જો શું સૂચક નથી? નગરવધૂનો વૈભવ કોઈ નગરશેઠથી કમ નહોતો અને વારાંગના સમાજજીવનનું અભિન્ન અંગ બની ગઈ હતી. એને રાજમહેલમાં સમ્માનપૂર્વક પ્રવેશ મળતો હતો. બલકે માંગલિક પર્વ નિમિત્તે અને લગ્ન જેવા પ્રસંગોએ એની હાજરી અનિવાર્ય બની ગઈ હતી. જોકે એ લોકોને મન મનોરંજન હતું પણ વરવધૂઓ માટે તો એમના રૂપ અને કળાનું પ્રદર્શન અને ક્વચિત અલબત્ત આડકતરું શોષણ પણ હતું.

એ પોતે પણ બધું સમજતી હતી અને છતાં એક વખત લક્ષ્મણરેખા ઓળંગીને સર્વસુલભ થઈ ગયા પછી પાછું વળી શકાય એવી શક્યતા જ ક્યાં રહેતી હતી? આના તોલે ફ્રાન્સની નવલકથા ‘થેઈસ’ અને એથી પ્રેરિત ભગવતી ચરણ વર્માની ‘ચિત્રલેખા’માં કામ જેવા ગોપનીય વિષય પરની કથાવસ્તુને બહેલાવી એને જીવનના પર્યાય તરીકે આલેખવાનો પ્રયાસ થયો છે. ચિત્રલેખાના રૂપ સામે યોગી કુમારગિરિની તપસ્યા ઓગળીને પાણી થઈ ગઈ હતી. સામા પક્ષે બુદ્ધ વૈશાલીની નગરવધૂનો કાયાકલ્પ કરી એને સાધ્વી બનવા તૈયાર કરી શકે છે. ખેતડીના રાજમહેલમાં વિવેકાનંદ રાજનર્તકી નન્હી જાનનું આગમન જોઈ વિચલિત થઈ જાય છે અને સભા છોડીને ચાલવા લાગે છે, પરંતુ એ જ્યારે સૂરદાસનું ભજન ઉપાડે છે ત્યારે એમનો અહંકાર ચૂર ચૂર થઈ જાય છે. પાછા વળીને એ નર્તકીની માફી માગી લે છે. એનામાં એમને જગજ્જનીની છબી દેખાય છે. મોરારિબાપુ સામા પગલે મુંબઈના વગોવાયેલા રેડ લાઈટ વિસ્તારમાં પહોંચી દેહવ્યાપાર કરતી મહિલાઓને અયોધ્યામાં ખાસ એમના માટે યોજાયેલી રામકથાનું નિમંત્રણ પાઠવવા જાય છે.

સ્ત્રી પાસે એની કાયાનાં કામણની અપરાજેય સંપદા છે. એ બ્રહ્માંડની સૌથી મોટી ચુંબકીય શક્તિ છે. આ શક્તિ સામે વિશ્વવિજેતા પુરુષ હથિયાર હેઠાં મૂકીને દે છે. એની રાક્ષસી તાકાત સ્ત્રીને ભોગવિલાસનું પાત્ર બનાવી શકે છે પરંતુ આખરે તો એણે હાંફવું અને હારવું જ પડ્યું છે. એને રાજી કરવાની કોઈ તરકીબ એણે માનવ ઈતિહાસનાં આટલાં વર્ષો દરમિયાન બાકી નથી રાખી.

આપણો ભદ્રલોક ભલે દેહવિક્રયને સુગાળવી નજરે જોતો હોય પરંતુ બૌદ્ધિક સમુદાય તો એને સાહજિક પ્રવૃત્તિ તરીકે જ સ્વીકારે છે. કામવાસનાની સંતુષ્ટિ નરનારી માટે ઉભય પક્ષે કુદરતી સ્વસ્થ જીવનની અનિવાર્ય જરૂરિયાત છે. આ વાત વિદુર અને ચાણક્યથી લઈને આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનારા ભીષ્મ પિતામહ સમજતા હતા. શરશૈયા પર સૂતાં સૂતાં એ યુધિષ્ઠિરને કામ વિશેની ગોપનીય માહિતી આપે છે. આપણા આઝાદી આંદોલનના આદર્શવાદી નેતાઓને ગાંધી વિનોબાની શરમ અડી ગઈ એટલે એમણે આ વિષય તરફ ધ્યાન નથી આપ્યું. પરંતુ તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે કરેલ એક નિરીક્ષણ દેહવિક્રયનો વ્યવસાય કરતી મહિલાઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય એમ છે. સર્વોચ્ચ અદાલતની જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ મહાદેવન બેન્ચે જે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે એ ખરેખર પરિપક્વ વિચારણા પછીનો દિશાનિર્દેશ છે. પરસ્પર સંમતિથી થયેલી રતિક્રીડા ભલે આજીવિકા રળવાના ઉદ્દેશથી થયેલી હોય તો પણ એ ગુનાની વ્યાખ્યામાં ના આવે. બલકે એ જીવન જીવવાનો મૂળભૂત અધિકાર ગણાય. પોલીસે દરોડા પાડી એવી સ્ત્રીઓની ધરપકડ નહીં કરવી જોઈએ. પરસ્પર સંમતિથી કોઈ સ્ત્રી વળતર વસૂલીને પણ સંબંધ બાંધી શકે છે. એને ગેરકાયદે નહીં ગણી શકાય. વળી એવી સ્ત્રી જો વચેટિયાની મદદ વગર પોતાના ઘરમાં જારકર્મ કરતી હોય તો એને વેશ્યા કહેવી પણ બરાબર નથી. સમૂહમાં રહી એક નક્કી કરાયેલા મહોલ્લામાં દલાલોની મદદથી ચાલતા ધંધા સામે કાનૂની પગલાં લો ત્યાં સુધી ઠીક છે.

આ ચુકાદો ખરેખર સ્ત્રીગૌરવનો મહિમા કરે છે. આ ચુકાદો નારીને શરીર પણ આખરે તો એક સંપત્તિ છે, જેનું અન્ય પ્રોપર્ટી કે એસેટ માફક મરજી મુજબ આદાનપ્રદાન અને વેપાર થઈ શકે એવી મોકળાશ કરી આપે છે. બીજા એક નિરીક્ષણમાં અદાલતે ઘર સાચવતી સ્ત્રીને ‘હાઉસ વાઈફ’ કે ‘હોમ મેકર’ જેવા દરજ્જાને બદલે ‘નેશન બિલ્ડર’ -રાષ્ટ્રનિર્માતા ગણવાનું સૂચન કર્યું છે.

પુરુષ કામધંધો કે નોકરી કરીને કમાય છે તો સામે સ્ત્રી ઘરે રહીને કલાકો સુધી પરિશ્રમ કરે છે, બાળકો મોટાં કરે છે, ઘરડાં વડીલોની સેવા બજાવે છે અને પતિને પ્રસન્ન રાખે છે. સામાજિક વહેવાર સંભાળે છે.

એના આ બધા કામની કદર કરવાની જરૂર છે. ઉપરછલ્લી દૃષ્ટિએ કશું નહીં કમાતી હોવા છતાં એનું કામ ઓછામાં ઓછું ત્રીસ હજાર રૂપિયાનો પગાર મેળવતા પુરુષ બરાબર ગણાય અને રાષ્ટ્રનિર્માણની ફરજ તો એ બીજી રીતે પણ યુગોથી બજાવતી જ રહી છેને! યશોદા મૈયાથી લઈ પન્નાધાઈ અને જીજાબાઈ સુધીનાં દૃષ્ટાંત આપણે જાણીએ છીએ.



# પેઢી સારી હતી કે આજની કૉર્પોરેટ કંપનીઓ?

**અબીલ ગુલાલ**

**જયવંત પંડયા**

ભારતમાં પહેલાં ખાનગી પેઢી હતી, ક્યાંક હજુ પણ છે. તેમાં શેઠિયા સંસ્કૃતિ હતી. શેઠિયા સંસ્કૃતિમાં ક્યાંક વેઠ હતી તો ક્યાંક અંગત ધ્યાન રખાતું. પરિણામે મોટા ભાગે લોકો નોકરીઓ બદલતા નહીં, શહેર પણ બદલતા નહીં. વર્ષોના વર્ષ એક જ શહેરમાં, એક જ પેઢીમાં નોકરી કરીને જીવન પૂરું કરતા.

તેનું કારણ એ હતું કે પગાર ભલે સ્તર પ્રમાણે વધતો-ઓછો હોય, પરંતુ નોકરી પર તલવાર લટકતી નહોતી. શેઠિયાઓ જ તેમના સ્વામી અને ઉપરી અધિકારી રહેતા. શેઠિયાઓને એક ખાનગી પેઢી જ સંભાળવાની હોય ત્યારે તેમને મર્યાદિત કર્મચારી સંભાળવાનું રહેતું. તેથી તેઓ તેમની કોઈ તકલીફ હોય તો સાંભળતા પણ ખરા. તેમને દિવાળી જેવા ટાણે બૉનસ આપી તેમનો તહેવાર સાચવી લેતા. મરણ જેવા પ્રસંગે ઉપાડ આપી દેતા.

**શેઠિયાઓને એક ખાનગી પેઢી જ સંભાળવાની હોય ત્યારે તેમને મર્યાદિત કર્મચારી સંભાળવાનું રહેતું. તેથી તેઓ તેમની કોઈ તકલીફ હોય તો સાંભળતા પણ ખરા. તેમને દિવાળી જેવા ટાણે બૉનસ આપી તેમનો તહેવાર સાચવી લેતા. મરણ જેવા પ્રસંગે ઉપાડ આપી દેતા**

પરંતુ કૉર્પોરેટ જગત આવ્યા પછી પગાર તો વધ્યા પરંતુ વેઠ ઓર વધી ગઈ. નોકરીના સમય છ કલાકના બદલે દસથી પંદર કલાક થઈ ગયા. રજા મળે, ન મળે તેવું થઈ ગયું. તમારો ઉપરી બૉસ બદલાયા કરે અથવા તમારી નીચેના કર્મચારીઓ છ મહિનામાં જ નોકરી છોડી દે. આવા બધામાં સંનિષ્ઠ કર્મચારી કે અધિકારીનો મરો થાય. ૨૦૦૮ની મંદી, ૨૦૨૦નો કોરોના કાળ કે અત્યારે ચાલે છે તેવો યુદ્ધ કાળ આવે ત્યારે એક ઝાટકે સેંકડો કર્મચારીઓને પિંક સ્લીપ એટલે કે ફરફરિયું પકડાવી દેવામાં આવે કે કાલથી તમારે હવે નથી આવવાનું. ભારત જેવા દેશમાં તો આવા કર્મચારીઓ માટે કોઈ ઉપાય, કોઈ તરણું નહીં.

એ પછી કાં કર્મચારીએ બીજે ઓછા પગારે જોડાવવાનું, કાં ફીલ્ડ બદલી લેવાનું અને નહીંતર આપઘાત કરી લેવાનો. ખેડૂતોના મુદ્દે સરકાર હલબલી જાય છે, પણ ખાનગી ક્ષેત્રના નોકરિયાતોના પ્રશ્ને કોઈ અવાજ ઉઠાવતું નથી. આપણે ત્યાં કૉર્પોરેટ જગતની સંસ્કૃતિ શેઠિયા સંસ્કૃતિ કરતાં જુદી છે. બૉસની ચમચાગીરી કરો, રોજ સવારે ‘ગુડ મૉર્નિંગ’ના મેસેજ મોકલો, તેમની બધી વાતને વખાણો, તેમનાં કપડાં, ઘડિયાળ, જૂતાં નવાં લીધાં હોય તો તેના વખાણ કરો, તો તમે ઓછું અને ખરાબ કામ કરો તોય ચાલે, મોડા આવો કે વહેલા ચાલ્યા જાવ તો ચાલે, જ્યારે જોઈએ ત્યારે રજા મેળવી લો તો મળી જાય. બીજી પદ્ધતિ છે ડોળની. વચ્ચેથી ગુટલી મારી લો તે ચાલે પણ બૉસ જ્યારે ઑફિસમાં આવવાના હોય ત્યારે તમે કામ કરતા દેખાવા જોઈએ. કામ મોડું પડે તે ચાલે, પણ તમે મોડે સુધી (ઑવરટાઈમ) કામ કરતા દેખાવા જોઈએ. જ્યારે બૉસ ટીમ સાથે ચર્ચા કરતા હોય ત્યારે કોઈ સારો અભિપ્રાય વ્યક્ત કરે પરંતુ બૉસને તે પસંદ ન હોય ત્યારે બૉસની હામાં હા મેળવી દેવાની.

કૉર્પોરેટ કંપનીના સ્વામીને એટલે કે સીએમડીને કંપનીને ચાર ક્ષેત્ર એટલે કે ઝૉનના મેનેજર અથવા બહુ-બહુ તો ૪૬ મહાનગરો મેનેજર સાથે કામ કરવાનું હોય, એટલે નીચેના કર્મચારીઓની ફરિયાદ સાંભળે પણ કોણ? ટીસીએસ, વિપ્રોમાં પંથાંતરણનું દબાણ થાય તો તેની ફરિયાદ પણ ધ્યાને ન લેવાય અને ૨૦૧૨ના નિર્ભયા સામૂહિક બળાત્કાર કેસ પછી વિશાખા માર્ગદર્શિકા હેઠળ કંપનીમાં સમિતિ તો બનાવવી પડે પરંતુ બૉસ સામે છેડતી કે જાતીય સતામણીની ફરિયાદ થાય તોય બૉસ કમાણી કરાવી આપતો હોય તો સીએમડી ઉપેક્ષા કરી દે. કોઈ કહી શકે કે પેઢીના કેસમાં શેઠ પણ ગમે ત્યારે નોકરીએથી કાઢી મૂકતા. કોઈ સારા પગાર નહોતા. વાત સાચી છે, પરંતુ તમે જ વિચારો, પેઢીઓના સમયમાં ચાલતા, બસમાં કે સાઈકલ લઈને આપણા વડીલો નોકરીએ જતા. સવારે દસથી છની જ નોકરી રહેતી. આથી પરિવાર સાથે પૂરતો સમય વિતાવી શકતા. આજે પતિ-પત્ની બંને નોકરી કરતા હોય તો સંતાનો અને એકબીજા સાથે પૂરતો સમય વિતાવી નથી શકતા. પીટીએમ (પેરન્ટ્સ ટીચર્સ મીટિંગ)માં કોણ જશે તેના મુદ્દે ઝઘડા થાય છે. પેઢીમાં પુરુષો માટે કોઈ ડ્રેસ કૉડ નહોતો, સિવાય કે મિલ હોય તો જુદી વાત છે. કૉર્પોરેટ કંપનીઓમાં? કૉટ, પેન્ટ, ટાઈ, બૂટ, સ્ત્રી હોય તો ફરજિયાત સ્કર્ટ, શર્ટ અથવા પેન્ટ, શર્ટ, કૉટ પહેરીને આવવાનું. મેક-અપ અને અન્ય રીતે ટીપટૉપ થઈને જવાનું. બૉસની નાનીમોટી છેડછાડ સહી લેવાની. ન સહે તો નોકરીમાંથી નીકળી જવું પડે. કાં ઑવરટાઈમ કરાવે. વર્કલૉડ વધારે આપે. અને હા, હવે તો ઑફિસમાં આઈ-કાર્ડ લગાવીને ફરવાનું. આઈ-કાર્ડ શેનું લગાવીને ફરવાનું? શું કંપનીના બૉસ કંપનીના કર્મચારીને ઓળખતા નથી? હાજરી અંગૂઠો દબાવીને કે આંખ સ્કેન કરીને પૂરાવવાની. તે પણ નિયત સમયે. વહેલા નીકળી જાવ તો હાજરી ન ગણાય. તેના માટે ઈ-મેઈલ કરવા પડે ! અને હવે તો એટલી કડકાઈ કે રૂમની બહાર કે મુખ્ય દરવાજાની બહાર જવું હોય તો પણ કાર્ડ ઘસીને જાય તો બહાર જવા મળે. એ વાત સાચી કે પેઢી સમયે ઑફિસમાં એ. સી. નહોતાં રહેતાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર આટલું સરસ નહોતું, કદાચ કેન્ટીન પણ નહોતી, પણ અત્યારે શું કરાય છે? કૉર્પોરેટ ઑફિસોમાં ગરમીના સમયમાં એચ. આર. વાળા એ. સી. બંધ પાડી દે છે અથવા કૂલિંગ ઘટે નહીં તેવું કરે છે. પેઢીઓમાં વિશ્વાસનું વાતાવરણ હતું. શેઠને કર્મચારી પર વિશ્વાસ હતો. કર્મચારીને પોતે હનુમાન અને શેઠ શ્રી રામ જેવા લાગતા. કર્મચારીના પરિવારને પણ શેઠ ઓળખતા હોય તેવું બનતું. વળી, વિશ્વાસના વાતાવરણના લીધે કર્મચારીઓ નોકરી નહોતા છોડતા, એટલે અપવાદ સિવાય કર્મચારીઓની અંદર પણ બૉન્ડિંગ સારું રહેતું. તેમના પરિવારો વચ્ચે પણ સારું બનતું. આજે કૉર્પોરેટ ઑફિસોમાં કર્મચારીઓ ટકીને રહેતા નથી, તેથી બૉન્ડિંગ રહેતું નથી. કોઈ ભાગ્યે જ એકબીજાના ઘરે જાય છે. ઑફિસમાં કે ફૅરવેલ જેવો પ્રસંગ હોય તો હૉટલમાં ભોજન કરી લે છે.

કર્મચારી ત્યાગપત્ર આપીને જાય ત્યારે ‘કોઈ ચીજ આપવાની બાકી રહેતી નથી, કોઈ દેવું ભરપાઈ કર્યા વગરનું નથી’ તેવું એનઓસી એક-એક ડિપાર્ટમેન્ટમાંથી લેવું પડે છે. પણ કંપની છોડ્યા પછી પી. એફ. માટેના કાગળિયા પર સહી કરાવવા, ગ્રેજ્યુઈટી લેવા કંપનીના ફાઈનાન્સ વિભાગવાળા કે એચ. આર. વાળા ધક્કા ખવડાવ્યા રાખે છે. પેઢીમાં તો શેઠને મળી લો અને તેમનો આદેશ જાય એટલે કોઈ વિભાગવાળા આનાકાની કરી શકે નહીં.

એમાંય સૉશિયલ મીડિયા આવ્યા પછી તો કૉર્પોરેટમાં કર્મચારીઓએ કમને વધુ એક જવાબદારી નિભાવવી પડે છે. કંપનીની (ઘણી વાર તો ખોટી) વાહ-વાહ કરતી પૉસ્ટ મૂકવાની અને જો સરકારના દરોડા પડે તો ‘અમે કંપની સાથે છીએ’ અને ‘અમે ગભરાતા નથી’ તેવી પૉસ્ટ મૂકવાની. ન મૂકો તો બૉસ તમને દાઢમાં રાખે. કૉર્પોરેટ કંપનીઓનો યુગ નવો-નવો હતો ત્યારે સારો જ હતો.

પ્રૉફેશનલિઝમ જોવા મળતું હતું. પગારવધારો નિયમિત મળતો હતો. કામની પ્રશંસા રૂપે એમ્પ્લૉઈ ઑફ ધ મન્થ જેવા એવૉર્ડ મળતા. પરંતુ ધીરેધીરે ખબર પડી ગઈ કે આવી બધી કોઈ જરૂરિયાત નથી, કર્મચારીઓ વખાના માર્યા કામ કરવાના જ છે. એટલે ક્યાંક તો કંપનીએ આપવાનાં સંસાધનો પોતે લઈને જવા પડે તેવી સ્થિતિ આવી ગઈ છે. હવે તમે જ કહો કે પેઢી સારી હતી કે આજની કૉર્પોરેટ કંપનીઓ?

---

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

એક સદી પહેલાં મળી આવેલી દસ સેન્ટિમીટરની મૂર્તિ સામે કોઈ બળવો પોકારાયો નહોતો. છતાં ય આ મુદ્દે ચર્ચા થઈ, કોઈએ સૂચન કર્યું, કોઈએ અમલ કર્યો અને કોઈ મંજૂરીની મહોર મારી દીધી. કોઈ એક માણસના મનમાં આવેલો તુક્કો (એને પોતાને તો લાગ્યું હશે કે પોતે મહાન છે), તેની અસ્વસ્થતા સંસ્થાકીય નીતિમાં ફેરવાઈ ગઈ? માળું આટલાં ઝડપથી પ્રાથમિક સવલતોના કામ થતા હોય તો વિકાશીલમાંથી વિકસિત દેશ બનતા આપણને જરાય વાર ન લાગે.

લોકોને તો જાતભાતની બાબતોથી તકલીફ રહેવાની છે. કોઈ સાડી પહેરે તો તકલીફ, કોઈ શોર્ટ્સ પહેરે તો તકલીફ, કોઈ પુરુષ ઘરનું કામ કરે તો તકલીફ, કોઈ ઘરનું કામ ન કરે તો તકલીફ વગેરે વગેરે - મુદ્દો એ છે કે કોઈની અસ્વસ્થતા વહીવટી પ્રક્રિયા કેવી રીતે બની શકે?

અહીં એક વાત સાફ સમજવાની જરૂર છે. વિવાદ નગ્નતા અંગે નહોતા, નિયંત્રણ અંગે હતા. સમાજને કે સભ્યતાઓને માણસના શરીરથી ડર નથી લાગતો. તેમને એવા શરીરનો ડર લાગે છે જે તેમણે (કહેવાતા ભદ્ર સમાજે) મંજૂર કરેલા નેરેટિવ્ઝના હાંસિયાની બહાર છે. ડાન્સિંગ ગર્લ માતૃત્વનું કે કોઈ દેવી કે કોઈ પત્નીનું સ્વરૂપ નથી, તેને કોઈની મંજૂરી કે સ્વીકૃતિની જરૂર નથી. તે બસ છે, અને કદાચ એટલે જ એક સ્ત્રીનું કોઈપણ ચોક્કસ રોલમાં ફિટ થયા વગર એક મૂર્તિમાં હજારો વર્ષ સુધી ટકી જવું એ આવી ઢંગધડા વગરની, પાયા વગરની પ્રતિક્રિયાઓ જગાડે છે.

અહીં પાછી એક વર્ષોથી ચાલી આવતી, સર્વ સ્વીકૃત વિડંબના પણ છે. ભારત એ કામસૂત્રનો દેશ છે, આપણે ત્યાં ખજુરાહો જોવા દુનિયાભરનાં લોકો આવે છે. મ્યુઝિયમોમાં એવાં કેટલાય સર્જનો છે જે ડાન્સિંગ ગર્લ કરતાં કંઈક વધારે બોલ્ડ છે અને આપણે ગર્વથી આપણા સાંસ્કૃતિક વારસા તરીકે તેને સ્વીકારીએ છીએ, લોકો સામે રજૂ કરીએ છીએ. કરવું પણ જોઈએ, તે આપણી મૂડી છે. તો પછી આ ‘ડાન્સિંગ ગર્લ’નો વિવાદ કેટલો વિરોધાભાસી અને અસ્થાને લાગે છે?

દર થોડા વર્ષે આપણે આપણા જ વારસાનો ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કરીએ છીએ, તેનાથી ભાગવાનો પ્રયાસ કરીએ છીએ. આમ આપણને પ્રાચીન કળા અને સંસ્કૃતિ પર માન છે, તે આપણું ગૌરવ છે પણ એ જ શરીર પ્રત્યેનો સ્વીકાર સમકાલીન ચર્ચામાં પ્રવેશે એટલે આપણને બેચેની થવા લાગે છે. ચોખવટો માગવામાં આવે, સુધારાઓ સૂચવાય અને ઢાંકવાના પ્રયાસો શરૂ થઈ જાય.

આવી બાબતો આપણે અસ્વસ્થ કરે છે પણ ખરેખર તો હવે જે આંકડાની વાત કરીશ તેનાથી આપણે બેચેન થવાની જરૂર છે. 2023માં ભારતમાં મહિલાઓ વિરુદ્ધ 4.7 લાખથી વધુ ગુનાઓ નોંધાયા હતા. બળાત્કાર, ઘરેલુ હિંસા અને બાળ શોષણના હજારો કેસો વર્ષો સુધી ન્યાયની રાહ જોતા રહે છે. આ લખાય છે ત્યાં સુધીમાં તો બીજા આવા કેટલાય સમાચારોને ટ્રેક્શન મળવા લાગ્યું હશે.

એક સમિતિને કાંસ્યની મૂર્તિનું શરીર ઢાંકવું છે તો જીવતી સ્ત્રીઓને લાંબા સમય સુધી નહીં મળનારા ન્યાયને મામલે સમિતિઓ બને છે, નિષ્કર્ષ નથી આવતો. આ માત્ર પાઠ્યપુસ્તકના કોઈ ચિત્ર પુરતો વિવાદ નથી એવું આપણે ક્યારે સમજી શકીશું?

આપણને એની જ ચિંતા છે કે એણે શું પહેર્યું છે, અથવા તો શું નથી પહેર્યું. એ કઈ બાબતનું પ્રતીક છે એની ચર્ચામાં આપણે નથી પડવું. હજારો વર્ષો જૂની મૂર્તિ સંસ્થાકીય સ્તરે લોકોને બેચેન કરી શકે છે પણ સ્ત્રીઓ સાથે થતી હિંસા કે સતામણીના આંકડા રિપોર્ટ્સની ફાઈલમાં અંતે અભરાઈએ ચઢી જાય છે. આપણને મૂર્તિઓ સાચવતા આવડે છે, આપણને એ પણ ખબર છે કે ‘આપણી’ સ્ત્રીનું પ્રસ્તુતીકરણ કેવી રીતે થવું જોઇએ, પણ વાસ્તવિકતામાં જે વહેવાર કરવાનો આવે છે એમાં આપણે, આપણો સમાજ, કાચો પડે છે. આપણે શેને પ્રાધાન્ય આપી રહ્યાં છીએ એ પૂછવાની તાતી જરૂર છે.

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

હવે અંગ્રેજોએ નિર્ણય લઈ લીધો કે શત્રુની સુરક્ષિત છાવણીમાંથી આ માણસને ભારત લાવવો પડશે અને જેક્સન ખૂન ખટલામાં મોકો મળી ગયો. સાવરકરને આ વાત સમજાઈ ગઈ હતી એટલે તેઓ ફ્રાંસ જતા રહ્યા. સાવરકર ફ્રાંસ ગયા એ પહેલા શ્યામજી કૃષ્ણવર્માને પણ ઇંગ્લેન્ડમાં રહેવામાં જોખમ નજરે પડવા લાગ્યું હતું અને ફ્રાંસ જતા રહ્યા હતા. તેઓ ૧૮૫૭ની ક્રાંતિ ઉજવવાનો એક સમારંભ ૧૯૦૭ (વિદ્રોહની સુવર્ણજયંતિ) થી દર વર્ષે કરતા હતા, પણ આગલા વર્ષનો કાર્યક્રમ ઇન્ડિયા હાઉસની જગ્યાએ પોતાના જમાઈને ત્યાં ખાનગી રીતે યોજ્યો હતો કે જેથી ગુપ્તચરોને તેની જાણ ન થાય.

જેક્સન ખૂન ખટલામાં એક આરોપી તરીકે સાવરકરને ભારત મોકલવામાં આવ્યા અને એ સાથે સાવરકરની હિંસક રાજકીય ક્રાંતિનું પર્વ કાયમ માટે પૂરું થયું. હા, કાયમ માટે. તેમણે ફ્રાંસના સમુદ્રમાં ઉડી મારી અને બે મિનીટમાં પકડાઈ ગયા, ખટલામાં સહ આરોપીઓ પર દોષ ધકેલવાનો પ્રયાસ કર્યો, (જુઓ એમ. આર. જયકારનાં સંસ્મરણો story of my life, ભાગ ૧), પચાસ વરસની કાલા પાણીની સજા થઈ, આંદામાનની જેલમાં પગ મૂકતાની સાથે માફીપત્રોનો મારો ચાલુ કર્યો, જેલમાં અત્યાચાર ઓછા થાય અને દુનિયાને અત્યાચારોની જાણ થાય એ સારું માટે કેદીઓને ઉશ્કેરવાનાં કેદીઓનો વિદ્રોહ કરાવવાનાં પ્રયાસ કર્યા પણ પોતે કોઈને કોઈ બહાનું કાઢીને દૂર રહેતા હતા (આ માટે જુઓ સાથી કેદી ત્રૈલોક્યનાથ ચક્રવતીનાં આંદામાનના જેલવાસનાં સંસ્મરણો, ‘Thirty Years in Prison’) અંગ્રેજોને આજીવન સહાય કરવાના માફીપત્રોમાં આપવામાં આવેલાં વચનો અને પ્રતિજ્ઞાઓ અને છેવટે જીવનમાં ક્યારેય રાજકીય પ્રવૃત્તિ નહીં કરવાની અપમાનજનક શરતો સ્વીકારીને આંદામાનની જેલમાંથી મેળવેલી મુક્તિ (જુઓ સાવરકરના પ્રસંશક ઈતિહાસકાર આર. સી. મઝુમદાર લેખિત ‘Penal Settlement in Andaman’.

તેઓ પણ હકીકતો સામે આંખ આડા કાન ન કરી શક્યા અને સત્ય નોંધવું પડ્યું.) વગેરે વગેરે. આ તમામ વિગતોના દસ્તાવેજો મળે છે એટલે વર્તમાન શાસકો પણ તેનો અસ્વીકાર કરી શકે એમ નથી. રાહુલ ગાંધી સામે સાવરકરની બદનામી કરવાનો એક બદનક્ષીનો કેસ પૂનાની અદાલતમાં ચાલી રહ્યો છે. તેમાં જુબાની આપતા ગયા સોમવારે સાવરકરના ભાઈના પ્રપૌત્ર સત્યકી સાવરકરે વિનાયક દામોદર સાવરકરે લખેલા દસ માફીનામાંઓની અને અંગ્રેજોને મદદ કરવાની વાત સ્વીકારી હતી. તેમણે કહ્યું હતું કે દસ્તાવેજી પૂરાવાઓ આમ કહે છે.

તો વાતનો સાર એ કે ૧૯૨૫માં જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ ત્યારે દેશવાસીઓ (તેમના માટે હિન્દુ) ગાંધીમય થઈ ગયા હતા, ગાંધીજી ભારતીય રાજકીય આકાશમાં મધ્યાહ્ને હતા, સ્વાતંત્ર્યની તીવ્ર ઈચ્છા ધરાવનારાઓને હવે હિંસા બિનજરૂરી લાગવા માંડી હતી, અંગ્રેજો ગાંધીજીથી અને તેમના સત્યાગ્રહોથી ડરવા લાગ્યા હતા, આગલી પેઢીનું હિન્દુવાદી જહાલ નેતૃત્વનો અસ્ત થઈ ગયો હતો અને વિનાયક દામોદર સાવરકર બહુ ડાહ્યો બહુ ખરડાય એ ન્યાયે પોતાની રચેલી દુનિયામાં ફસાઈ ગયા હતા અને સંઘની સ્થાપના થઈ એનાં વરસ પહેલાં સ્વતંત્રતા માટેનું રાજકારણ જીવનભર નહીં કરવાની શરતે અને રત્નાગીરી જીલ્લાની બહાર નહીં જવાની શરતે મુક્ત થયા હતા.

આ સમયસંદર્ભ સમજવા જેવો છે. માણસાઈ અને ઉદારતાનો પરંપરાગત વારસો ધરાવનારા હિન્દુઓને ગાંધીજી હજુ વધુ માણસ બનાવી રહ્યા હતા. સમૃદ્ધ માણસ બનાવી રહ્યા હતા. તેમનો ભય દૂર કરી રહ્યા હતા.

પૌરુષત્વની તેમણે વ્યાખ્યા બદલી નાખી હતી. શૌર્ય માટે દુશ્મનની જરૂર નથી. નીર્વૈરતાયુક્ત પૌરુષત્વનો તેમણે પરિચય કરાવ્યો.

શૌર્યના બાહ્ય આવરણો અને અવલંબનો (શસ્ત્રો અને સંખ્યા બન્ને) તેમણે નિરર્થક સિદ્ધ કર્યા અને સાબિત કરી આપ્યું કે તાકાત કાળજામાં રહેલી છે.

ઓળખ અને અસ્મિતાઓનાં વિભાજન માનવીય અખંડતામાં બાધારૂપ છે અને તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો કોઈએ એ શીખવાડ્યું. ભારતની પ્રજાની અંદર ઠીકઠીક પ્રમાણમાં એકતા સ્થાપી અને તેને આંદોલિત કરી.

હવે પછીના લેખમાં પ્રોજેક્ટના અમલની વાત કરીશ. અસ્તુ.